# ૫ કોરો કાચબો-ભીનો ચાંદો

D9W2H6

## ચાલો, ગાઈએ ગીતડું :

તબડક તબડક તબડક કરતો
ઘોડો મારો દોડ્યો જાય.
એક અવાજે ભાગે બિલ્લી.
ભલે વાઘની માસી થાય.
ઊંચા જાડા હાથીભાઈ
સૂંઢ હલાવતા હાલ્યા જાય.

લુચ્ચા લુચ્ચા શિયાળભાઈ
સૌને છેતરી ચાલ્યા જાય.
સસલાભાઈએ છલાંગ મારી
કૂદતાં કૂદતાં હાંફી જાય.
કાચબાભાઈ તો ધીમે ધીમે
આગળ આગળ હાલ્યા જાય.

## વાંચો.

### બેરંગ બન્યું રંગીન

ચોમાસું પૂરું થવા આવેલું. આરવના ઘરની આસપાસ કેટલાંક પતંગિયાં ઊડાઊડ કરતાં હતાં. તેમાં એક પતંગિયું સાવ જ રંગ વગરનું હતું. આરવનું ધ્યાન તેના પર ગયું. તેને નજીકથી જોવા તે પાસે ગયો. બંનેની દોસ્તી થઈ ગઈ. આરવે તેના નવા મિત્રનું નામ પાડ્યું 'બેરંગ'.

આરવ કહે, 'બેરંગ, હું તારું ચિત્ર બનાવું?' બેરંગ કહે, 'ચોક્કસ'. આરવ તો બેઠો કાગળ, પેન્સિલ અને મીણિયા રંગ લઈને. તેણે તો તદ્દન બેરંગ જેવું જ ચિત્ર દોરી કાઢ્યું. બેરંગને પણ પોતાનું ચિત્ર ગમ્યું. એ હસ્યું.

આરવને મજા પડી ગઈ. તેણે પૂછ્યું, 'બેરંગ, તારા ચિત્રમાં રંગ પૂરું?' બેરંગ કહે, 'હા... હા...' આરવે બેરંગના ચિત્રમાં રંગ પૂરવાના શરૂ કર્યા. આરવ જેમ જેમ રંગ પૂરતો જાય તેમતેમ બેરંગ પર સાચુકલો રંગ ચઢતો જાય.

બેરંગ તો ખુશ-ખુશ થઈ ગયું. તે કહે, 'જરા પાંખની કિનારી પર જાંબુડી રંગ કરી દે અને આ વચ્ચેના ખાનામાં પીળો રંગ ભરી દે.' થોડી વારમાં તો બેરંગ બની ગયું રંગીન.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

તમારા મનમાં એક સાવ નવી જાતનું પતંગિયું બનાવો, તેનું ચિત્ર દોરી તેમાં મજા પડે તેવા રંગ પૂરો

### કહો :

ઈવા સાતમા ધોરણમાં ભણે, તેનો વર્ગ પહેલા માળે. રિસેસમાં તેણે મેદાનમાં રમતા દ્વિજને સીતાફળ પહોંચાડ્યું. પહેલે માળથી નીચે નાખવા છતાં સીતાફળ ફસકાઈ ગયું નહીં. ઈવાએ દ્વિજને સીતાફળ કઈ રીતે પહોંચાડ્યું હશે?

### વાર્તા વાંચો :

## ચાંદો પકડ્યો...

એક જંગલ હતું. એમાં એક મોટું તળાવ હતું. તળાવના કાંઠે ઊંચાં-ઊંચાં ઝાડ હતાં. આ ઝાડ પર વાંદરાનો એક પરિવાર રહેતો હતો. તેના સરદારનું નામ મહાબલી. ટોળામાંના મોટા વાંદરાઓ આખો દિવસ હૂપાહૂપ કરે. એક ઝાડ પરથી બીજા ઝાડ પર કૂદાકૂદ કરે, રમતાં-રમતાં ફરે, મીઠાં ફળ ખાતાં-ખાતાં આનંદથી પેટ ભરે. તરસ્યા થાય ત્યારે તળાવનું પાણી પીએ અને ઝાડને છાંયે બેસી વાતો કરે. રાત્રે પાછા આરામ કરે. બધાં વાંદરાં ઝાડ પર જ સૂઈ રહે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વાંદરાંના આ ટોળામાં નટખટ બચ્ચાંય હતાં. એ બચ્ચાં તો ભારે તોફાની. આખો દિવસ તોફાનમસ્તી જ કર્યા કરે. કોઈ ઝાડની ડાળીએથી ઊંધે માથે લટકે, તો કોઈ બીજાની પૂંછડી ખેંચી ભાગી જાય. વળી, એકબીજા સામે કચ-કચ દાંત કાઢે. અંધારું થાય તોયે આ બચ્ચાં જરા પણ જંપે નહિ. રાત પડે તોયે ઊંઘે નહીં.

એક વખતની વાત છે. રાત્રિનો સમય હતો. આકાશમાં પૂનમનો ચંદ્ર પ્રકાશતો હતો. મોટા વાંદરા ઘસઘસાટ ઊંઘતા હતા પરંતુ પેલાં બચ્ચાંની વાતો ચાલતી હતી. જાણે માખીઓનો ગણગણાટ. એવામાં જગ્ગુની નજર નીચે ગઈ. અરે! આ શું? પાણીમાં ચાંદો! જગ્ગુને થયું, 'નક્કી ચાંદો પાણીમાં પડી ગયો છે!'

જગ્ગુએ હળવેથી બીજા બચ્ચાંને કહ્યું. ''ફટાફટ આવો. અહીં જુઓ! ચાંદો તળાવમાં પડી ગયો છે!'' વાનરસેનાનાં બધાં બચ્ચાંએ ચૂપચાપ નીચે જોયું. તળાવના શાંત જળમાં ચંદ્રનું પ્રતિબિંબ દેખાતું હતું. બચ્ચાં કહે, ''અરે! આ તો ચાંદો જ પડી ગયો છે.'' ચિમ્પુ કહે, ''ના... ના... આ ચાંદો નથી. આ તો સરસ મજાનું ફળ છે.'' મોન્ટી બોલ્યું, ''જે હોય તે! છે કેવું રૂપાળું! ચાંદો હોય કે ફળ, એને પાણીમાંથી બહાર તો કાઢો!'' ચિમ્પૂ કહે, ''મહાબલીદાદાને જગાડીએ?''

પણ... તેને પાણીમાંથી કાઢવું કઈ રીતે? સૌ ઘડીભર વિચારમાં પડી ગયા એટલામાં મીકી બોલ્યું, ''મને એક સરસ યુક્તિ સૂઝે છે. એમાં આપણાથી જ કામ થઈ જાય એવું છે. મોટેરાંઓને જગાડવાની કોઈ જ જરૂર નથી.'' બધાં બોલી પડ્યાં, ''જલદી બોલ, શું કરીએ?'' મીકી બોલ્યું, ''જગ્ગુ ઝાડની ડાળી પકડીને લટકશે. ચિમ્પૂ તેની પૂંછડી પકડીને લટકશે. મોન્ટી ચિમ્પૂની પૂંછડી પકડીને લટકશે.''

પોતાની ડોક ચારેબાજુ ફેરવી ટટ્ટાર થતાં થતાં મીકીએ કહ્યું, ''હું બહાદુર મીકી, આ મોન્ટીની પૂંછડી પકડી છેક પાણી સુધી પહોંચી જઈશ ને ફટાક કરતો ચાંદાને પકડીને બહાર કાઢી લઈશ.'' બધાંને આ ઉપાય ખૂબ જ ગમી ગયો. જગ્ગુ અને મોન્ટી બોલ્યા, ''વાહ! કેવી મજા પડશે! કામ પણ થશે અને ગમ્મત પણ થશે.''



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



યોજના નક્કી થઈ. આયોજન મુજબ જગ્ગુએ ઝાડની ડાળી, ચિમ્પુએ જગ્ગુની પૂંછડી, મોન્ટીએ ચિમ્પૂની પૂંછડી અને મીકીએ મોન્ટીની પૂંછડી પકડી લીધી. મીકી પાણી સુધી પહોંચ્યું. તેણે ચાંદાને પકડવા એક હાથ પાણીમાં નાખ્યો. પણ આ શું? પાણીમાં દેખાતો હતો તે ચાંદો આમ-તેમ ડગુ-મગુ ડોલતો-ડોલતો પાણીમાં વિખરાઈ ગયો! ચાંદાના તો બંગડી જેવા ટુકડા થઈ ગયા! હવે શું કરવું?

તેવામાં જગ્ગુની પકડ છૂટી ગઈ. બધા જ વાંદરાં ધબાક દઈને પડ્યા પાણીમાં. તળાવમાં થયેલો ધબાકો સાંભળીને મોટાં વાંદરાં જાગી ગયાં. તેઓ ઝટ-પટ તળાવે પહોંચ્યાં. બચ્ચાંને પાણીમાંથી બહાર કાઢતાં-કાઢતાં તેમને નાકે દમ આવી ગયો.

મહાબલીએ પૂછ્યું, ''આમ અડધી રાતે પાણીમાં કેવી રીતે પડ્યાં?'' જગ્ગુએ માંડીને વાત કરી. તેની વાત પૂરી થઈ ત્યાં સુધીમાં તળાવનું પાણી સ્થિર થઈ ગયું હતું. હવે તેમાં ફરી ચાંદો દેખાવા માંડ્યો. જગ્ગુ, મોન્ટી, ચિમ્પુ, મીકી એકસાથે બોલી ઊઠ્યા, 'પાણીમાં જુઓ, ચાંદો! બચાવો તેને.''મહાબલી સાથે બધા વડીલ વાંદરા ખડખડાટ હસી પડ્યા.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મહાબલી કહે, ‘‘એ તો ચાંદાનું પ્રતિબિંબ છે આકાશમાં જુઓ. એ રહ્યો તમારો ચાંદો.’’

પછી બધા મોટા વાંદરાંઓએ તળાવમાં જગ્ગુ, મોન્ટી, ચિમ્પૂ અને મીકીને તેમનાં પ્રતિબિંબ બતાવ્યાં.



## વાતચીત :

૧. આ વાર્તામાં સૌથી વધારે મજા ક્યારે આવી?

૨. વાંદરાં પાણીમાં પડી ગયાં ત્યારે તમને કેવું લાગ્યું?

૩. તમને કયું વાંદરું સૌથી વધુ ગમ્યું?

૪. તમે તોફાન કરતા વાંદરાંને કે કૂતરાંને જોયાં છે ? તે શું કરતાં હોય છે?

૫. તમે ઘરમાં કેવાં-કેવાં તોફાન કરો છો?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## જવાબ લખો :

૧. વાંદરાંના બચ્ચાંઓ કેવાં-કેવાં તોફાન કરતાં હતાં?

૨. પાણીમાં પડેલો ચાંદો તરતો હશે કે ડૂબી ગયો હશે?

૩. ચાંદો તળાવમાં ક્યાં પડેલો હશે? તળિયે કે સપાટી ઉપર?

૪. બચ્ચાંને એવું કેમ લાગ્યું કે ચાંદો પાણીમાં પડી ગયો છે?

૫. ચાંદાને તળાવમાંથી બહાર કાઢવા માટે મીકીએ કયો ઉપાય બતાવ્યો?

૬. ચાંદો તળાવમાં અને આકાશમાં બંને જગ્યાએ કેમ દેખાતો હશે?

## વાર્તામાંથી ઉદાહરણ મુજબના શબ્દો શોધીને લખો અને તે શબ્દોના આધારે વાક્યો બનાવો.

વિદ્યાર્થીઓને બે-બેની જોડીમાં બેસાડી આ પ્રવૃત્તિ કરાવો.

**ઉદા. ઊંચાં-ઊંચાં : તળાવની પાળે તાડનાં ઊંચાં-ઊચાં ઝાડ હતાં.**

૧. રમતાં-રમતાં :

૨.

૩.

૪.

૫.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

⬡ **વાક્ય સાચું હોય તો હસતાં ☺ પર ✓ કરી મોટેથી સાચું સાચું હસો. વાક્ય ખોટું હોય તો રડતાં ☹ પર ✗ કરી મોટેથી ખોટું-ખોટું રડો.**

> વારાફરતી વાક્યો વાંચો. એ વાક્ય જેટલા વિદ્યાર્થીઓ સાચું માનતા હોય તેમને ઊભા થઈ હસવાનો અને જે વિદ્યાર્થીઓ ખોટું માનતા હોય તેમને ઊભા થઈ રડવાનો અભિનય કરવા કહો. તેમને ચર્ચા કરી વાક્ય સાચું છે કે ખોટું તે નક્કી કરવા કહો. ચર્ચા પછી ત્રીજા ખાનામાં સાચું ☺ અથવા ☹ દોરવા કહો.

| | | | |
|---|---|---|---|
| ૧. ઝાડ પર સરદાર બાહુબલી વાંદરાના પરિવારનું ટોળું રહેતું હતું. | ☺ | ☹ | |
| ૨. વાંદરાં ઝાડ પરનાં મીઠાં ફળો ખાતાં હતાં. | ☺ | ☹ | |
| ૩. તળાવના પાણીમાં ચાંદાનો પડછાયો દેખાતો હતો. | ☺ | ☹ | |
| ૪. જગ્ગુએ ચાંદાને પાણીમાંથી બહાર કાઢ્યો. | ☺ | ☹ | |
| ૫. ચાંદાએ બહાર નીકળીને બધાં બચ્ચાંને ચોકલેટ આપી. | ☺ | ☹ | |
| ૬. મહાબલીએ બચ્ચાંને સમજાવ્યાં કે ચાંદો તો આકાશમાં છે. | ☺ | ☹ | |

⬡ **શબ્દો વાંચો. જે શબ્દો માત્ર વાર્તામાં આવતા હોય તેની સામે વા. લખો. જે માત્ર ચિત્રમાં દેખાતા હોય તેની સામે ચિ. લખો. અને જે વાર્તા અને ચિત્ર બંનેમાં હોય તેની સામે વા. ચિ. લખો.**

| | |
|---|---|
| ૧. ઝાડ વા. ચિ. | ૬. આકાશ ______ |
| ૨. પર્વત ચિ. | ૭. ડાળી ______ |
| ૩. જંગલ વા. | ૮. થડ ______ |
| ૪. તળાવ ______ | ૯. ચાંદો ______ |
| ૫. દાંત ______ | ૧૦. પૂંછડી ______ |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

⬡ ત્રણના જૂથમાં કામ કરો. વાર્તામાંથી તમને ગમતા ત્રણ શબ્દો પસંદ કરો. સાથે મળીને વાક્ય બનાવી લખો. તમારું વાક્ય વર્ગમાં વાંચી સંભળાવો.

ઉદા. પૂનમ - પૂનમની રાત્રે ચંદ્ર થાળી જેવો ગોળ દેખાય છે.

૧. ________ - ________________

૨. ________ - ________________

૩. ________ - ________________

⬡ આવું કોણ બોલે છે? કહો :

૧. ‘‘નક્કી ચાંદો પાણીમાં પડી ગયો છે.’’

૨. ‘‘ના, ના, આ ચાંદો નથી. આ તો સરસ મજાનું ફળ છે.’’

૩. ‘‘ચાંદો હોય કે ફળ, એને પાણીમાંથી બહાર તો કાઢો.’’

૪. ‘‘વાહ! કેવી મજા પડશે! કામ પણ થશે અને ગમ્મત પણ થશે.’’

૫. ‘‘એ તો ચાંદાનું પ્રતિબિંબ છે. આકાશમાં જુઓ. એ રહ્યો તમારો ચાંદો.’’

⬡ વાક્યોને વાર્તાના ક્રમમાં ગોઠવો :

☐ બાળ-વાનરસેનાએ તળાવમાંથી ચાંદો બહાર કાઢવાનું નક્કી કર્યું.

☐ જગ્ગુના હાથમાંથી ડાળીની પકડ છટકી ગઈ.

☐ વડીલ વાંદરાં ઘસઘસાટ ઊંઘતાં હતાં.

☐ જગ્ગુ, ચિમ્પુ, મોન્ટી, મીકી પૂંછડી પકડી પાણી સુધી પહોચ્યાં.

☐ તળાવમાંનો ચાંદો તો કાચની બંગડીની જેમ તૂટી ગયો.

☐ ઝાડ પર સરદાર મહાબલીનો પરિવાર રહેતો હતો.

● ચાલો ગાઈએ ગીતડું : તબડક તબડક તબડક...

⬡ રીડિંગ ક્રિકેટની રીતે ‘ચાંદો પકડ્યો’ વાંચો :

⬡ પેરાશૂટ બનાવીએ :

● **જરૂરી વસ્તુ :** હાથરૂમાલ, દોરીના ચાર ટુકડા અને પથ્થર



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **કેવી રીતે બનાવશો?**

હાથરૂમાલના ચારે છેડે(ખૂણે)થી એકસરખી લંબાઈના દોરીના ટુકડા બાંધો, દોરીના ચારેય ખુલ્લા છેડાઓને પથ્થર સાથે આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે બાંધો. દોરીઓ એકસરખી લંબાઈની રાખવી. વડીલને સાથે રાખી અગાશી ઉપરથી આ પેરાશૂટને નીચે પડવા દો.

- અગાશીમાંથી પથ્થરને પેરાશૂટ સાથે અને પેરાશૂટ વગર નીચે પડવા દઈએ તો શો ફેર પડે?



- **પ્રયત્ન કરો :**

(૧) હાથરૂમાલને બદલે કાગળનો ચોરસ ટુકડો વાપરી જુઓ.
(૨) પથ્થરના બદલે ટમેટું વાપરીને જુઓ.
(૩) પથ્થરના બદલે સંચો વાપરીને જુઓ.

- **કહો :** હાથરૂમાલમાં કાણું હોય તો આ રમકડું કામ આપશે?

## ગીત :




મારા ફળિયાને લીમડે પોપટ રમે,
એની ગોળ-ગોળ આંખ.
એની લીલી-લીલી પાંખ,
એ તો બોલતો ને ઊડતો સૌને ગમે.
મારા ઘરને આંગણે ચકલી રમે,
એની ઝીણી-ઝીણી આંખ,
એની નાની-નાની પાંખ,
એ તો રમતી ને ઊડતી સૌને ગમે.
મારી નાનકડી બહેન ઘરમાં રમે,
એની કાલી-કાલી બોલી.
એની આંખ ભોળી-ભોળી,
એ તો રમતી ને હસતી સૌને ગમે.




- ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ'



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## લખો :

- **કેવી છે?**

(૧) પોપટની _____ આંખ, _____ પાંખ.

(૨) ચકલીની _____ આંખ, _____ પાંખ.

(૩) બહેનીની _____ આંખ, _____ બોલી.

- **ક્યાં છે?**

(૧) પોપટ _____ (૨) ચકલી _____ (૩) બહેની _____

- **સૌને શું ગમે?**


ઉદા. <u>બોલતો</u> અને <u>ઊડતો</u> પોપટ

(૧) _____ અને _____ ચકલી

(૨) _____ અને _____ બહેની

(૩) _____ અને _____ હું

## ચિત્ર પરથી ખાલી જગ્યા પૂરો :




પોપટ કેવો છે? <u>પોપટ લીલો છે.</u>



કાળી બિલાડી કેવી છે? _____

બંનેમાંથી કઈ બિલાડી પાતળી છે? _____




હાથી કેવો છે? _____


બંનેમાંથી નાનું કોણ છે? _____



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




કેટલી ચકલીઓ છે?




લંબુજી કેવા છે?

બંનેમાંથી નીચું કોણ છે?



કાગડાનું પીંછું કેવું છે?

કયું પીંછું લાંબું છે?

## ઉદાહરણ મુજબ વાક્યો બોલો :

વર્ગખંડની વસ્તુઓના આધારે વાક્યો બોલો અને વિદ્યાર્થીઓને એવાં વાક્યો બોલવા કહો.

- ચોક જાડો છે. • બોલપેન પાતળી છે.

(સસ્તું-મોંઘું, ભારે-હલકું, ઊંચું-નીચું, મોટું-નાનું)

## વાંચો અને સમજો :

| ક્રમ | વાક્ય | વાક્ય | શાના વિશે ? | શું કહ્યું છે ? |
|---|---|---|---|---|
| ૧. | બિલાડી રમે છે. | નાની બિલાડી રમે છે. | બિલાડી | નાની |
| ૨. | નમ્રતા દોડે છે. | તોફાની નમ્રતા દોડે છે. | નમ્રતા | તોફાની |
| ૩. | ઈરફાન દૂધ પીવે છે. | ઈરફાન ગરમ દૂધ પીવે છે. | | |
| ૪. | દ્વારકેશ ઝભ્ભો પહેરે છે. | દ્વારકેશ સફેદ ઝભ્ભો પહેરે છે. | | |
| ૫. | રોબિનને માથે ચોટી છે. | રોબિનને માથે લાંબી ચોટી છે. | | |
| ૬. | આ મારું મકાન છે. | મારું મકાન મોટું છે. | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## જેના વિશે માહિતી હોય ત્યાં ◯ અને જે વધારાની માહિતી હોય ત્યાં ▭ કરો.

૧. ઐશ્વર્યાની આંખો માંજરી છે.

૨. આદ્યા ચંચળ છોકરી છે.

૩. સોફિયાને ચોખ્ખા દાંત ગમે.

૪. અરમાન હોશિયાર વિદ્યાર્થી છે.

૫. દ્વિજ વિજ્ઞાન વાર્તાઓ વાંચે છે.

૬. પરિતાએ સુંદર દૃશ્ય જોયું.

૭. દાદાની ફાંદ ગોળમટોળ છે.

૮. ગણિત ભણવાની બહુ મજા પડે.

૯. શિયાળામાં તો કડકડતી ઠંડી જ હોય ને!

૧૦. મોરની કલગી સુંદર હોય.

૧૧. સ્વાતિ હાથ ધોઈને જ જમે.

- **ચાલો, ગાઈએ ગીતડું : તબડક તબડક તબડક...**

## યોગ્ય વિકલ્પ મૂકો.

૧. નવ્યાએ બટન ટાંકવા ________ દોરો લીધો. (પાતળું/પાતળા/પાતળો)

૨. મિલિન્દે ________ સાપ પકડ્યો. (એકેય/એક/બે)

૩. જેઠાલાલે ________ લસ્સી પીધી. (ઠંડી/ઠંડું/ઠંડો)

૪. સુસ્મિતા ________ મરચું ખાઈ શકે છે. (તીખું/તીખી/તીખાં)

૫. ________ ઑફિસમાં કૃતિકા અને દેવાંશી બેઠા. (મોટા/મોટી/મોટું)

૬. ઝાડનું થડ ________ છે. (જાડું/જાડા/જાડી)

૭. ડોશીમાના માથાના વાળ ________ છે. (ધોળું/ધોળા/ધોળી)

૮. મારી બોલપેન ________ છે. (સસ્તી/સસ્તું/સસ્તા)

## ફકરો વાંચો અને અનુલેખન કરો :

[કાળો] (કાગડો) બગીચામાં સફેદ સસલા સાથે ફરવા નીકળ્યો. તેઓ હળવી કસરત કરતા હતા. કાગડાને અચાનક ચક્કર આવ્યાં સસલાએ તેને કડવી દવા આપી. કાગડાએ તો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મોં બગાડ્યું એટલે સસલાએ તેને ગળ્યા લાડવા જમાડ્યા અને સસલાએ લાલ ગાજરની મજા માણી. પછી બંને ઘેર પાછા ગયા.

**તમે અનુલેખન કરેલા ફકરાનાં વાક્યોમાં જેના વિશે માહિતી હોય ત્યાં ◯ અને જે વધારાની માહિતી હોય ત્યાં ☐ કરો.**

**વધારાની માહિતી ઉમેરી વાક્ય લાંબું કરો :**

| | |
|---|---|
| ૧. મારા ઘરે ગાય છે. | ૧. મારા ઘરે સફેદ ગાય છે. |
| ૨. આકાશમાં પક્ષી ઊડે છે. | ૨. આકાશમાં ત્રણ પક્ષી ઊડે છે. |
| ૩. સુરેન્દ્રએ પતંગ ચગાવ્યો. | ૩. |
| ૪. દાદીએ લાડવા વહેંચ્યા. | ૪. |
| ૫. મીના અને રેણુકાએ રંગોળી પૂરી. | ૫. |
| ૬. | ૬. |
| ૭. | ૭. |

**ગીત ગાઓ :**

ગીતનું સમૂહગાન કરાવવું.

ટપ્પુ નામે હતો કાચબો, અટક હતી લપલપિયા.
આખો દી' બસ પાણીમાં રહી કર્યા કરે છબછબિયાં.
એક સવારે સાવ નિરાંતે બેઠો ટપ્પુ પાળે,
પીઠ ઉપરથી લપસે ટીપાં લીસા લીસા ઢાળે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આકાશેથી ઊતરી ત્યાં તો એક વાદળી ધોળી,
જરાક ઝીણવટથી જોયું તો હતી હંસની ટોળી.

ટપ્પુએ સપનું જોયેલું માનસરોવર જાશું,
હંસ ચરે છે એવાં સાચ્ચે સાચ્ચાં મોતી ખાશું.

એક જ પળમાં કરી દોસ્તી લઈ લીધું પ્રોમિસ,
હંસ કહે કે ઊડીએ ત્યારે જરાય ના બોલીશ.

ઊડતાં પહેલાં ટપ્પુભાઈએ કરી લીધું શોપિંગ,
ઘણી બધી વસ્તુ લીધી, ને લીધી ખારી શિંગ.

હંસ લાકડી લઈ આવ્યા ને આવ્યું ઊડવા ટાણું,
ફરી ફરીને ગોખાવ્યું 'મૂંગા રહેવું' એ ગાણું.

મગર, માછલાં અને દેડકાં જુએ ધારી ધારી,
તળાવની પાળેથી ઊડી શાહી એક સવારી.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ઊડતા ટપ્પુને જોવા સૌએ દરવાજા ખોલ્યા,
ફુલાઈ જઈને ટપ્પુભાઈ તો 'બાય, બાય, ટાટા' બોલ્યા.
છૂટી લાકડી મોંમાંથી ને ટપ્પુ ઊંધા માથે,
ઊંચે જઈને કોઈ કદી ક્યાં સમજણ રાખે સાથે?
પડ્યો ધ્રાસકો હંસોને કે હમણાં ટપ્પુ મરશે,
આ કંઈ ઓછું પાણી છે કે છબછબ કરતાં તરશે?
ત્યાં ટપ્પુએ સ્વિચ દબાવી ખોલ્યું પેરાશૂટ,
પાંખ વીંઝવાનીયે આમાં નહોતી માથાકૂટ.
બજારમાં જઈ સાવ અમે કંઈ નહોતી લીધી શિંગ,
ટપ્પુભાઈ કહે હુંય હવામાં કરી શકું સ્વિમિંગ.



હતી વાર્તા જૂની જેમાં ઘણા કાચબા મરતા,
ટપ્પુભાઈ તો આકાશેથી પીંછા જેમ ઊતરતા.
નીચે ઊતરી ટપ્પુભાઈ તો ગંગાજીમાં નાહ્યા.
ખાધું-પીધું, રાજ કીધું ને મીઠાં ગીતો ગાયાં.

- કૃષ્ણ દવે



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાંચો અને સમજો :

૧. મિત્રો ભેગા મળી રાત-દી' મજા કરતા.

૨. સસલાનું બચ્ચું રૂની પૂણી જેવું ધોળું હતું.

૩. મળ્યા એ પળથી ટપ્પુ અને રાજહંસને પાકી દોસ્તી થઈ ગઈ.

૪. પ્રવાસમાં જવાનું હોવાથી મેં નવાં કપડાં, બૂટ, નાસ્તાનું શૉપિંગ કર્યું.

૫. ઊંઘવા ટાણે મને ઊંઘ નથી આવતી.

૬. અમે પ્રવાસે નીકળ્યા ત્યારે મમ્મી-પપ્પા અમને બાય-બાય કહેતાં હતાં.

૭. પપ્પાએ પ્રોમિસ કર્યું કે તેને તેના જન્મદિવસે નવી સાઇકલ લાવી આપશે.

૮. ઓટલી ઉપર નાના મહેશને મૂકી સંગીતાબહેન ઘરને તાળું મારવા ગયાં. પાછા ફરી જોયું તો મહેશ દેખાયો નહીં. તેમને ધ્રાસકો પડ્યો. એટલામાં ઓટલી પાછળથી મહેશે કહ્યું, 'થપ્પો'.

૯. તરતાં ન આવડતું હોય તેમણે સ્વિમિંગ-પૂલમાં તરતાં શીખવું જોઈએ.

૧૦. ગરમી લાગતી હોય તો પૂઠું વીંઝો, પવન આવશે.

## વાતચીત :

૧. આ ગીતની કઈ લીટી સાંભળવી તમને ગમી?

૨. આ ગીતની કઈ લીટી ગાવી તમને ગમી?

૩. આ ગીતની કઈ લીટીનો અભિનય કરવો તમને ગમે?

૪. ટપ્પુભાઈ આખો દિવસ કયું કામ કરતા હતા?

૫. તમને ઊડતાં આવડે તો તમે ક્યાં-ક્યાં જવાનું પસંદ કરશો?

૬. તમે મુસાફરી માટે કે ફરવા ગયા હોવ ને પડો ત્યારે કેવી રીતે રડો? અભિનય કરો.

## જવાબ લખો :

૧. હંસોએ કાચબાને આકાશમાં કેવી રીતે ઉડાડવાનું વિચાર્યું ? કયો ઉપાય બતાવ્યો?

૨. કાચબાને માનસરોવર લઈ જતાં પહેલાં હંસે કઈ શરત મૂકી?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૩. માનસરોવરમાં જવા માટે કાચબાએ શું-શું ખરીદ્યું?

૪. તમારે બહાર જવાનું હોય તો તમે શી-શી ખરીદી કરો?

૫. આકાશમાં ઊડતા કાચબાને કોણ-કોણ જુએ છે?

૬. ટપ્પુ કેવી રીતે બચી ગયો?

## ગીતના આધારે સરખા બોલાતા શબ્દો લખો :

લપલપિયા - છબછબિયાં

પાળે - ______ ખોલ્યા - ______

ધોળી - ______ માથે - ______

જાશું - ______ મરશે - ______

ટાણું - ______ મરતા - ______

ધારી - ______ નાલ્યા - ______

આવ્યું - ______ પેરાશૂટ - ______

- **ત્રણ-ત્રણનાં જૂથમાં બેસી, વાતચીત કરી, આ ગીતની વાર્તા બનાવો. વર્ગમાં કહો.**
- **કાચબાભાઈ હંસો પાસે ગયા તેનું નાટક કરો. સંવાદ આગળ વધારી વર્ગખંડમાં ભજવો.**

**ટપ્પુભાઈ :** કેમ છો હંસભાઈ? મારે તમારું થોડું કામ છે.

**હંસ :** બોલોને ટપ્પુભાઈ.

**ટપ્પુભાઈ :** તમે લઈ જાઓ તો મારે પણ માનસરોવર આવવું છે.

**હંસ :** જુઓ, અમે લઈ તો જઈએ પણ એક શરત; તમારે રસ્તામાં એકદમ ચૂપ રહેવાનું.

**ટપ્પુભાઈ :** એ તમતમારે ચિંતા ન કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાંચો, વિચારો, કહો, લખો :



- **અદ્વૈત પતંગિયું બન્યો અને પ્રતીક્ષા વંદો બની. તેઓ બે મિનિટ આંખ બંધ કરીને બેઠાં. પછી પોતાના જૂથમાં નીચે પ્રમાણે રજૂઆત કરી.**

**અદ્વૈત** : મેં તો એક પછી એક ફૂલ પર જવા ઊડાઊડ કર્યું. ફૂલ પર બેસીએ ત્યારે તો મલમલની ગાદી જેવું લાગે. ગાદી પર બેઠાં-બેઠાં મેં તો ધરાઈને જાતજાતના રસ પીધા. ધરાઈ ગયા પછી હું તડકો ખાવા બેઠું. તડકો વધ્યો એટલે મેં ગોગલ્સ પહેરી લીધા. પવન ધીમો હતો. હું હીંચકે હીંચતો હોઉં એમ લાગતું હતું. હીંચકે ઝૂલવાની તો ખૂબ મજા પડી. એટલામાં જોરદાર પવન આવ્યો. હું તો પાંખડીને ચોંટી જ પડ્યું. પછી મને બીજા ફૂલના રસ ચાખવાનું મન થયું. હું પાડોશના બગીચે જવા ઊડ્યું. ત્યાં રસ્તામાં દરિયો આવ્યો. આખો દરિયો ઊડીને હું સૂર્યાબહેનના બગીચે પહોંચ્યું.

**પ્રતીક્ષા** : તને બીક ના લાગી? કોઈ દવા છાંટી દે તો?

**અદ્વૈત** : શાની બીક? હું તો માસ્ક પહેરું છું ને!



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ⬡ લખો :

૧. વંદો બનેલી પ્રતીક્ષાએ શું કહ્યું હશે? લખો.

પ્રતીક્ષા : ______________________

______________________

______________________

______________________

૨. પતંગિયું શાના પર હીંચે છે?

______________________

૩. પતંગિયાને દરિયો લાગ્યું તે શું હશે?

______________________

- આ રીતે તમે જૂથમાં કામ કરો. અળસિયું, દેડકો, મંકોડા, કીડી, ફૂદું જેવાં જીવજંતુઓમાંથી કોઈ એક બનો, થોડીવાર એ જીવજંતુ બનીને વિચારો. તમારા અનુભવ પોતાના જૂથમાં કહો.

## ⬡ નકામો શબ્દ છેકો, મોટેથી વાંચો.

એક જંગલ હતું. **તેમાં**/**તેની** એક સસલું રહેતું હતું. એક દિવસ એક કૂતરો **તેને**/**તેની** પાછળ પડ્યો. કૂતરાથી બચવા **તું**/**તે** ખૂબ દોડ્યું. સસલું એટલી ઝડપથી દોડ્યું કે કૂતરું **તેના**/**તેને** પકડી શક્યું નહીં. છેવટે, હાંફીને કૂતરું બેસી ગયું. એક શિકારી આ બધું જોઈ રહેલો. **તેણે**/**તેને** કૂતરાને પૂછ્યું, ‘‘કેમ, **હું**/**તું** આટલું સસલુંય પકડી ના શક્યો? કૂતરું કહે, ‘‘**તું**/**હું** મારવા માટે દોડતો હતો, **તે**/**હું** બચવા માટે દોડતું હતું.’’

## ⬡ મોટેથી ગાઓ :

૧. ચકાચક ચકરી
હરતી-ફરતી બકરી
ખટાખટ વાદળાં
ધડાધડ દડી પડ્યાં

૨. [illegible]
[illegible]
[illegible]
[illegible]



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## શું કેવું છે? કહો :

૧. લીસું કે ખરબચડું? : ચોપડીનું પૂંઠું, નવી નોટનું પાનું
તમારા ગાલ, તમારા મમ્મીના ગાલ

૨. પોચું કે કઠણ? : કાચું પપૈયું, પાકું પપૈયું
ગાલ, હથેળી

૩. સુગંધવાળું કે દુર્ગંધવાળું? : એંઠવાડ, દાળ
ધોયેલા વાળ, ધોયા વગરના વાળ

## હસો :

**શિક્ષક** : ફટાફટ પેન્સિલ આપ.

**ગુરુ** : સર, તમારી પાસે જ છે.

**શિક્ષક** : ક્યાં છે?

**ગુરુ** : તમારા કાન પર.

**શિક્ષક** : ઉતાવળ છે. જલદી બોલ, કયા કાન પર છે?

એક થાળ મોતીએ ભર્યો,
માથા ઉપર ઊંધો ધર્યો
ગોળ ગોળ થાળ ફરે
મોતી એકેય નવ ખરે

આપો જવાબ :-

પઢતો પણ પંડિત નહિ,
પૂર્યો પણ નહિ ચોર,
ચતુર હોય તે ચેતજો
મધુરો પણ નહિ મોર.

આપો જવાબ :-



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in